પેજ3

## ચેક બાઉન્સ કેસમાં નાણાં ન ચૂકવતાં રાજપાલ યાદવ પર સુપ્રીમ કોર્ટ લાલઘૂમ

**સુપ્રીમ** કોર્ટ કહ્યું- 'તમારું સ્થાન જેલમાં છે' 11 કરોડના દેવા સંબંધિત મામલે મંગળવાર સુધીમાં ચુકવણું કરવા આદેશ



નવી દિલ્હી, તા. 5 (પીટીઆઈ): ચેક બાઉન્સના વર્ષો જૂના કેસમાં ખાનગી કંપનીને નાણાં ચૂકવવાની બાંહેધરીનું પાલન ન કરવા બદલ સુપ્રીમ કોર્ટે અભિનેતા રાજપાલ યાદવની ભારે ઝાટકણી કાઢી છે. ચીફ જસ્ટિસ સૂર્યા કાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી મોહનાની બેન્ચે અગાઉ રાજપાલ યાદવને કોર્ટ રજિસ્ટ્રીમાં રૂ. 2 કરોડ જમા કરાવવા માટે બે અઠવાડિયાનો આખરી સમય આપ્યો હતો. જોકે 5 ઓક્ટોબર સુધી રકમ જમા ન થતાં કોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. સુનાવણી દરમિયાન રાજપાલ યાદવના વકીલે ફરિયાદ પક્ષ ગરીબ ન હોવાની દલીલ કરતાં જસ્ટિસ બાગચીએ ગુસ્સે થઈને કહ્યું હતું કે, 'તેઓ કદાચ તમારા કરતા પૈસાદાર હશે પણ તમે જે છેતરપિંડી કરી છે તેના કારણે તેઓ ગરીબ બન્યા છે. તમારો ઘમંડ સાચી જગ્યાએ લાવવો જરૂરી છે અને તમારું સ્થાન જેલમાં છે.' સુપ્રીમ કોર્ટે રાજપાલ યાદવને મંગળવાર સુધીમાં બાકી રકમ ચૂકવવાનો આદેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે વર્ષ 2010માં ફિલ્મ નિર્માણ માટે રૂ. 5 કરોડની આર્થિક મદદ મેળવ્યા બાદ રાજપાલ યાદવે રૂ. 1.05 કરોડના સાત ચેક આપ્યા હતા, જે તમામ બાઉન્સ થયા હતા. વ્યાજ સહિત આ રકમ વધીને રૂ. 11 કરોડ સુધી પહોંચી ગઈ છે. અગાઉ દિલ્હી હાઈકોર્ટે પણ રાજપાલ યાદવની દોષસિદ્ધિ યથાવત રાખીને તેને ત્રણ મહિનાની જેલની સજા ફટકારી હતી. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કહ્યું કે રાજપાલ યાદવનું વલણ કોર્ટ પ્રત્યે આદર દર્શાવતું નથી અને જો તેઓ ચૂકવણી નહીં કરે તો તેમની અપીલ ફગાવી દેવામાં આવશે.

## મુંબઈમાં રણબીર કપૂરની 'રામાયણ'ના સેટ પર આગ લાગી



મુંબઈ, તા. 5 ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા સિને એમ્પ્લોઈઝ (એફડબ્લ્યુઆઈસીઈ)ના પ્રમુખ બી.એન. તિવારીએ પુષ્ટિ કરી છે કે, અભિનેતા રણબીર કપૂરની ફિલ્મ 'રામાયણ'ના મુંબઈ સ્થિત સેટ પર આગ લાગી હતી. જોકે, તેમણે જણાવ્યું હતું કે, આ ઘટના સામાન્ય હતી અને કોઈ ઈજાગ્રસ્ત થયું નથી. તિવારીએ કહ્યું હતું કે, આગ સ્ટુડિયોની બહાર આવેલા એક ટેન્ટમાં લાગી હતી અને તે ફેલાય કે ત્યાં હાજર લોકો માટે જોખમ ઊભું કરે તે પહેલાં તેને કાબૂમાં લઈ લેવામાં આવી હતી. તિવારીએ જણાવ્યું કે, તાજેતરમાં જ નજીકના સ્થળે લાગેલી આગ બાદ પ્રોડ્યુસરોને આપવામાં આવેલી ચેતવણી છતાં આ ઘટના બની હતી. તેમણે કહ્યું કે નુકસાન સામાન્ય હતું, કોઈને ઈજા થઈ નથી.

# પેરિસમાં વિદ્યાર્થી આંદોલનમાં એક શાળાના પ્રવેશદ્વારને આગ ચંપાઈ





**શિક્ષકો** અને વિદ્યાર્થીઓ અંદર ફસાઇ ગયા

**આગને** કાબૂમાં લઇ લેવાઇ, સદભાગ્યે કોઇને ઇજા નહીં

પેરિસ, તા. ૫: ફ્રાન્સભરમાં ચાલી રહેલા વિદ્યાર્થીઓના વ્યાપક વિરોધ પ્રદર્શનો વચ્ચે, કેટલાક તોફાનીઓએ પેરિસની એક સ્કૂલના પ્રવેશદ્વારને આગ ચાંપી દીધી હતી, જેના કારણે શિક્ષકો અને વિદ્યાર્થીઓ અંદર ફસાઇ ગયા હતા.

આજે સવારે પેરિસની વોકેલિન હાઈસ્કૂલની બહાર લેવામાં આવેલા ફૂટેજમાં હિંસક અસામાજિક તત્વો સ્કૂલના પ્રવેશદ્વાર પર આગ લગાવતા જોવા મળ્યા હતા. તૂટેલા કાચમાંથી, સ્કૂલના મુખ્ય દરવાજા પર આગની જ્વાળાઓ લપેટાતી જોઈ શકાતી હતી. આગ એક બેરિકેડમાંથી ફેલાઈ રહી હોવાનું જણાઈ રહ્યું હતું. કેટલીક સેકન્ડો પછી, બે પુરુષો બિલ્ડિંગની અંદરથી બે અગ્નિશામક યંત્રો વડે આગ ઓલવવાનો નિષ્ફળ પ્રયાસ કરતા જોવા મળ્યા હતા. તેના બદલે આગનું કદ અને તીવ્રતા સતત વધતી રહી. તેની પાછળ, યુવાન તોફાનીઓ બેરિકેડમાં વસ્તુઓ ફેંકતા જોવા મળ્યા હતા, જેનાથી આગ વધુ ભડકી રહી હતી. સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો હતો કે વોકેલિન હાઈ સ્કૂલમાંથી આશરે 100 વિદ્યાર્થીઓને બહાર કાઢવા પડ્યા હતા, અને વધુમાં ઉમેર્યું હતું કે બચાવ કામગીરી દરમિયાન રમખાણીયાઓ ફાયરબ્રિગેડના કર્મચારીઓ પર ફટાકડા ફોડી રહ્યા હતા. પોલીસ અને ફાયરબ્રિગેડના કર્મચારીઓએ ઝડપથી આગ ઓલવી દીધી હતી અને સ્કૂલ ખાલી કરાવવામાં આવી હતી તથા વર્ગો સ્થગિત કરવામાં આવ્યા હતા.

## મધ્ય પ્રદેશના કુનોમાં ભારતમાં જન્મેલી માદા ચિત્તાએ 5 બચ્ચાંને જન્મ આપ્યો

**દેશમાં** ચિત્તાની કુલ સંખ્યા વધીને 60 થઈ

ભોપાલ/શ્યોપુર, તા. 5 (PTI): મધ્ય પ્રદેશના શ્યોપુર જિલ્લામાં આવેલા કુનો નેશનલ પાર્કમાં ભારતમાં જન્મેલી માદા ચિત્તાએ 5 બચ્ચાંને જન્મ આપ્યો છે, જેનાથી દેશમાં ચિત્તાની કુલ સંખ્યા વધીને 60 થઈ ગઈ છે. એમ મુખ્યમંત્રી મોહન યાદવે સોમવારે જણાવ્યું હતું.

એક સરકારી નિવેદનમાં જણાવાયું છે કે, આ બચ્ચાંના પિતા બોત્સ્વાનાથી લાવવામાં આવેલા ચિત્તા છે અને આ બચ્ચાંનો જન્મ ભારતમાં બોત્સ્વાના વંશની શરૂઆત દર્શાવે છે, જે દેશની વધતી જતી ચિત્તા વસ્તીમાં એક નવો આનુવંશિક વંશ ઉમેરે છે.

'પ્રોજેક્ટ ચિત્તા' સાથે સંકળાયેલા પશુચિકિત્સકો, વન અધિકારીઓ, ક્ષેત્રીય સ્ટાફ અને મેનેજમેન્ટ ટીમને અભિનંદન આપતાં યાદવે જણાવ્યું હતું કે, તેમની સમર્પિતતા, પ્રતિબદ્ધતા અને અથાક પ્રયાસો ભારતમાં ચિત્તા પુનઃસ્થાપનની સફરને સતત આગળ વધારી રહ્યા છે.

યાદવે કહ્યું, "ભારતમાં જન્મેલી માદા ચિત્તા કેજેપી21એ 5 સ્વસ્થ બચ્ચાંને જન્મ આપ્યો છે. તેમના જન્મે આ વિસ્તારમાં ખુશીની લહેર ફેલાવી દીધી છે.

આની સાથે જ ભારતમાં ચિત્તાઓની કુલ સંખ્યા હવે વધીને 60 થઈ ગઈ છે, જેમાં ભારતીય ધરતી પર જન્મેલા 41 ચિત્તા પણ સામેલ છે."

મુખી અને કેજીપી12 પછી કેજેપી21 ભારતમાં જન્મેલી ત્રીજી માદા ચિત્તા છે, આ બચ્ચાંનો જન્મ ચિત્તાઓની નવી પેઢીના વિસ્તારમાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આ 5 બચ્ચાંના પિતા બોત્સ્વાનાથી લાવવામાં આવેલ ચિત્તા છે.

# ટ્રમ્પનો વધુ એક છબરડો: બ્રાઝિલનો ઉલ્લેખ ભારત તરીકે કર્યો!

**અમેરિકાની** ચૂંટણી પ્રથાની ટીકા કરતી વખતે સોશ્યલ મીડિયા પર લખ્યું કે આજે ભારતમાં પ્રમુખપદની ચૂંટણી યોજાઇ ગઇ, જ્યારે ખરેખર બ્રાઝિલમાં ચૂંટણી યોજાઇ હતી

વોશિંગ્ટન, 5(PTI): શું કોઈ બ્રાઝિલને ભારત સમજી શકે? જે બે દેશો પૃથ્વીના ગોળાર્ધ પર એકબીજાથી લગભગ બિલકુલ વિરુદ્ધ દિશામાં આવેલા છે. દેખીતી રીતે, અમેરિકા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આવું કરી શકે છે.

એક મોટી તથ્યાત્મક ભૂલમાં, પ્રમુખે રવિવારે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં બ્રાઝિલની પ્રમુખપદની ચૂંટણીનો સંદર્ભ આપતી વખતે તેને ભારતની ચૂંટણી ગણાવીને એવો દાવો કર્યો કે અમેરિકાની ચૂંટણી પ્રક્રિયા ભ્રષ્ટ છે. પોતાના પરિચિત અંદાજમાં યુએસની ચૂંટણી પ્રણાલીની ટીકા કરતા પહેલા ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પરની પોતાની પોસ્ટમાં લખ્યું, ભારતમાં પ્રમુખપદની ચૂંટણીના પહેલા તબક્કામાં આજે 12.5 કરોડ લોકોએ મતદાન કર્યું. મતદાન પૂર્ણ થયાના થોડા જ સમયમાં, તે જ દિવસે પરિણામો બહાર આવી ગયા. અમેરિકાના શહેરો અને રાજ્યોમાં ચૂંટણીમાં મતોની ગણતરી માટે અઠવાડિયાનો સમય લાગે છે તેનો ઉલ્લેખ કરતા ટ્રમ્પે કહ્યું, "અમેરિકામાં મતદાન ભ્રષ્ટ છે."

અંગ્રેજી અક્ષરમાળા મુજબ BRICS જૂથનું પહેલું નામ બ્રાઝિલ, ગયા મહિને નવી દિલ્હીમાં યોજાયેલી આ જૂથની સમિટમાં સામેલ થયું હતું અને શનિવારે કોલકાતામાં રમાયેલી ફિફા આંતરરાષ્ટ્રીય ફ્રેન્ડલી ફૂટબોલ મેચમાં બંને દેશો એકબીજા સામે રમ્યા હતા – જો કે, આ બંનેમાંથી કોઈ પણ તથ્યનો ઉપયોગ અમેરિકી પ્રમુખની આ ભૂલ પાછળના કારણ તરીકે સ્પષ્ટપણે કરી શકાય તેમ નથી, જેમણે જુલાઈમાં ન્યૂ જર્સીમાં આ રમતની સૌથી મોટી ટ્રોફી એનાયત કરી હતી. ભારતના નાગરિકો તેમના પ્રમુખ(રાષ્ટ્રપતિ) માટે સીધું મતદાન કરતા નથી, ટ્રમ્પે જે વિગતો રજૂ કરવામાં આવી હતી તે રવિવારે બ્રાઝિલમાં યોજાયેલી પ્રમુખપદની ચૂંટણી સાથે પૂરેપૂરી બંધ બેસતી હતી. ઉલ્લેખનીય છે કે ટ્રમ્પ ભૂતકાળમાં પણ આવા અનેક છબરડા કરી ચુક્યા છે, જેમ કે તેમણે યુદ્ધ અટકાવવાનો દાવો કરતી વખતે એમ મીડિયા ઈન્ટરવ્યુમાં આર્મેનિયાનો ઉલ્લેખ આલ્બાનિયા તરીકે કર્યો હતો.

### ટ્રમ્પે ભૂલ સુધારી લીધી

વૉશિંગ્ટન, તા. ૫: બ્રાઝિલની ચૂંટણીને સોશ્યલ મીડિયા પર ભારતની ચૂંટણી ગણાવીને છબરડો કર્યા બાદ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મોડેથી પોતાની ભૂલ સુધારી લીધી હતી. અમેરિકામાં ચૂંટણી પ્રક્રિયા ભ્રષ્ટ છે એવું કહેવા માટે ટ્રમ્પે પોતાના ટ્રુથ સોશ્યલ પર પોસ્ટ મૂકી હતી જેમાં આ છબરડો થયો હતો. બાદમાં ટ્રમ્પે ભૂલ સુધારીને કહ્યું હતું કે બ્રાઝિલના પ્રમુખપદની ચૂંટણીના પ્રથમ રાઉન્ડમાં આજે ૨.૫ કરોડ લોકોએ મતદાન કર્યું. મતદાન પુરું થયું અને થોડા જ સમયમાં પરિણામો આવી ગયા, તે જ દિવસે! એમ ટ્રમ્પે લખ્યું હતું. અગાઉ ટ્રમ્પે આ ચૂંટણીને ભારતના પ્રમુખની ચૂંટણી ગણાવી હતી.

## મગજની રહસ્યમય કાર્યપ્રણાલી ઉકેલનારા 3 વિજ્ઞાનીઓને તબીબી ક્ષેત્રનો નોબેલ પુરસ્કાર

**અમેરિકા** અને જર્મનીની યુનિવર્સિટીના વિજ્ઞાનીઓને મગજના ચેતાકોષોને સ્વિચ ઓન-ઓફ કરવાની શોધ કરવા બદલ સંયુક્ત સન્માન

**નોબેલ** સપ્તાહનો પ્રારંભ: વિજેતાઓને રૂ. 10 કરોડથી વધુની ઇનામી રકમ મળશે

સ્ટોકહોમ, તા. 5 (એપી): સ્ટોકહોમ સ્થિત કેરોલિંસ્કા ઈન્સ્ટિટ્યૂટ ખાતે સોમવારે તબીબી ક્ષેત્રના નોબેલ પુરસ્કારની જાહેરાત સાથે નોબેલ સપ્તાહનો પ્રારંભ થયો છે. વર્ષ 2026નો ફિઝિયોલોજી અથવા મેડિસિનનો નોબેલ પુરસ્કાર ત્રણ વિજ્ઞાનીઓ–કાર્લ ડેઈસેરોથ (54), પીટર હેગેમેન (71) અને જ્યોર્જ નાગેલને (73) સંયુક્ત રીતે આપવાની જાહેરાત કરાઈ છે. અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના ડેઈસેરોથ તથા જર્મનીની હમ્બોલ્ટ અને વુર્ઝબર્ગ યુનિવર્સિટીના હેગેમેન અને નાગેલને 'ઓપ્ટોજેનેટિક્સ' અને પ્રકાશથી સંચાલિત થતી આયન ચેનલો પર કરેલા સંશોધન માટે આ સન્માન મળ્યું છે.

સરળ શબ્દોમાં કહીએ તો, માનવ મગજ અસંખ્ય ચેતાકોષો (નર્વ સેલ્સ)નું બનેલું છે, જે વિદ્યુત સંકેતો દ્વારા કામ કરે છે. આ વૈજ્ઞાનિકોએ 'ઓપ્ટોજેનેટિક્સ' નામની એવી તકનીક વિકસાવી છે જેમાં પ્રકાશનો ઉપયોગ કરીને મગજના ચોક્કસ ચેતાકોષોને ઈચ્છા મુજબ ચાલુ (સ્વિચ ઓન) કે બંધ (સ્વિચ ઓફ) કરી શકાય છે. આ શોધથી મગજની જટિલ કાર્યપ્રણાલી, યાદશક્તિ, અને મનોવૈજ્ઞાનિક તથા ચેતાતંત્ર સંબંધિત બીમારીઓને સમજવામાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે.

નોબેલ સમિતિના સેક્રેટરી થૉમસ પર્લમેને ત્રણેય વિજેતાઓ સાથે ફોન પર વાતચીત કરી અભિનંદન પાઠવ્યા હતા. વિજેતાઓને 1.2 મિલિયન ડોલરની (રૂ. 10 કરોડથી વધુ) ઈનામી રકમ મળશે. તબીબી ક્ષેત્રના પુરસ્કાર બાદ હવે મંગળવારે ભૌતિકશાસ્ત્ર, બુધવારે રસાયણશાસ્ત્ર, ગુરુવારે સાહિત્ય, શુક્રવારે શાંતિ અને 12 ઓક્ટોબરે અર્થશાસ્ત્રના નોબેલ પુરસ્કારની જાહેરાત કરવામાં આવશે.

# યમનમાં ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓનો તુર્બાહ શહેર પર કબજો

**સાઉદી** ગઠબંધને 100 ફાઇટર જેટ સાથે શરૂ કર્યું 'યમન ડાઉન' ઓપરેશન

**હુથીઓ** યમનના વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ શહેર તાઈઝ તરફ આગળ વધી રહ્યા છે

**બાબ** અલ-મંદબ સામુદ્રધુની અને મોખા શહેર પર હુથીઓના કબજા બાદ સાઉદી સમર્થિત સરકારનું પાટનગર સના મુક્ત કરાવવા વળતો હુમલો રાતા સમુદ્રના મહત્વના વેપારી માર્ગ પર તોળાતું જોખમ

આદેન (યમન), તા. 5 (એપી): સાઉદી અરેબિયાની આગેવાની હેઠળના સૈન્ય ગઠબંધનના તીવ્ર હવાઈ હુમલાઓના ટેકા સાથે, યમનની આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત સરકારના દળોએ સોમવારે દેશના રાતા દરિયાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓ સામે મોટું લશ્કરી ઓપરેશન શરૂ કર્યું છે.

આ પહેલાં ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓએ દક્ષિણ-પશ્ચિમ યમનમાં વ્યાપક લશ્કરી ચડાઈ કરીને તુર્બાહ નામના અત્યંત વ્યૂહાત્મક શહેર પર પૂર્ણ કબજો જમાવી લીધો છે. આ સાથે જ વિદ્રોહીઓ યમનના ત્રીજા સૌથી મોટા શહેર તાઈઝને ઘેરી લેવાની તૈયારી કરી રહ્યા છે, જે સાઉદી અરેબિયા સમર્થિત આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત સરકાર માટે બહુ મોટો આંચકો માનવામાં આવે છે. તુર્બાહ શહેર વચગાળાની રાજધાની આદેન અને તાઈઝને જોડતા મુખ્ય માર્ગ પર આવેલું હોવાથી સરકારી દળો માટે પુરવઠો પહોંચાડવો હવે અત્યંત મુશ્કેલ બન્યો છે. આ અગાઉ હુથી વિદ્રોહીઓએ રાતા દરિયા કિનારે આવેલા મહત્વના મોખા શહેર, દ્વીપો અને બાબ અલ-મંદબ સામુદ્રધુની પર વિજય મેળવ્યો હતો, જ્યાંથી વૈશ્વિક વેપારનો 12 ટકા જેટલો હિસ્સો પસાર થાય છે. ચાર વર્ષના યુદ્ધવિરામ બાદ યમનમાં ગૃહયુદ્ધ ફરી એકવાર ચરમસીમાએ પહોંચ્યું છે.

હુથી વિદ્રોહીઓની આ ઝડપી પ્રગતિને રોકવા અને દેશને તેમના કબજામાંથી મુક્ત કરાવવા માટે સાઉદી સમર્થિત સરકારે 'યમન ડાઉન' નામના વ્યાપક લશ્કરી ઓપરેશનની જાહેરાત કરી છે. રાષ્ટ્રપતિ રશાદ અલ-અલીમીએ પાટનગર સનાને મુક્ત કરાવવા અને સરકારી સંસ્થાઓ પુનઃસ્થાપિત કરવા હાકલ કરી છે. સામે પક્ષે સાઉદી અરેબિયા આગેવાની હેઠળના ગઠબંધને વિદ્રોહીઓને નાથવા અને પોતાની સરહદોનું રક્ષણ કરવા પૂર્ણ સૈન્ય સહાયની ખાતરી આપી છે. ગઠબંધનના પ્રવક્તા મેજર જનરલ તુર્કી અલ-માલકીના જણાવ્યા મુજબ, 100 જેટલા ફાઈટર જેટ્સ દ્વારા હુથી ઠેકાણાઓ અને પાટનગર સના પર બોમ્બમારો કરવામાં આવી રહ્યો છે તેમજ બાબ અલ-મંદબ વિસ્તારમાં હવાઈ સુરક્ષા મજબૂત કરાઈ છે.

આ ભયાનક હિંસક વળાંકથી યમનમાં માનવતાવાદી સંકટ ગંભીર બન્યું છે. વિશ્વ આરોગ્ય સંસ્થા અને

## અમેરિકાએ બ્રિટિશ એરબેઝ પરથી તમામ બોમ્બર વિમાનો પાછા ખેંચ્યા

**બ્રિટિશ** એરબેઝ પર આતંકવાદી હુમલાની યોજના અને સુરક્ષા ભંગની ઘટના સામે આવ્યા બાદ આ પગલું લેવાયું

**બ્રિટનમાં** બ્રિટિશ-ઈરાની નાગરિક સહિત 6ની અટકાયત

વોશિંગ્ટન, તા. 5 (એપી): અમેરિકી હવાઈ દળે ઈંગ્લેન્ડ સ્થિત પોતાના મહત્વપૂર્ણ સૈન્ય મથક આરએએફ ફેરફોર્ડ ખાતેથી તમામ બોમ્બર વિમાનો પાછા ખેંચીને પોતાના દેશ અમેરિકા ખાતે સ્થળાંતરિત કરી દીધા છે. ઈરાન સામેના યુદ્ધમાં હવાઈ હુમલા કરવા માટે બ્રિટનમાં આવેલા આ એરબેઝનો ઉપયોગ થઈ રહ્યો હતો.

તાજેતરમાં આ બ્રિટિશ એરબેઝ પર આતંકવાદી હુમલાના પ્લાનિંગ અને સુરક્ષા ભંગની ઘટના સામે આવ્યા બાદ સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી, જેના પગલે સેન્ટ્રલ કમાન્ડે સંવેદનશીલ સ્થિતિને ધ્યાનમાં રાખીને તમામ બી-52 અને બી-1 બોમ્બર વિમાનોને તુરંત જ માલિકી દેશ પાછા બોલાવી લીધા છે.

બ્રિટિશ સત્તાવાળાઓએ લંડનમાંથી બ્રિટિશ-ઈરાની મૂળના એક નાગરિક સહિત કુલ છ લોકોની આતંકી ષડયંત્રની શંકાના આધારે અટકાયત કરી છે. લંડન અને બ્રિટિશ એજન્સીઓએ આ ષડયંત્ર પાછળ તેહરાનનો હાથ હોવાની આશંકા વ્યક્ત કરી છે, જેને ઈરાને નકારી કાઢી છે. જોકે ઈરાને અગાઉ સ્પષ્ટ ચેતવણી આપી હતી કે તેના પર હુમલો કરવા માટે વપરાતા કોઈપણ સૈન્ય મથકને તે કાયદેસરનો નિશાન માનશે. લંડનથી 160 કિલોમીટર પશ્ચિમે આવેલું આ એરબેઝ દાયકાઓથી મધ્ય પૂર્વના યુદ્ધોમાં અમેરિકી હવાઈ દળ માટે વ્યૂહાત્મક મથક રહ્યું છે.

આ નિર્ણય એવા સમયે લેવાયો છે જ્યારે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન સામેના યુદ્ધને આગળ વધારવા માટે નવા હવાઈ હુમલા સહિતના વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે, જોકે તેમણે હાલમાં જ અમેરિકી નાગરિકોને આશ્વાસન આપ્યું હતું કે યુદ્ધ અમુક અઠવાડિયાઓમાં જ સમાપ્ત થઈ જશે.

## જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે 'એનએસયુઆઈ'નું અનોખું 'લિવિંગ ડેડ' પ્રદર્શન

**રાયસીના** રોડથી જંતર મંતર તરફ જમીન પર 'જીવંત મડદાં' બનીને પડ્યા રહ્યા વિદ્યાર્થીઓ 'વોટ કી ચોરી નહીં ચલેગી'ના નારા લાગ્યા

**ચૂંટણી** પ્રક્રિયામાં ગેરરીતિ અને લોકોનો અવાજ દબાવવાનો આક્ષેપ કરી મુખ્ય ચૂંટણી કમિશનરની ધરપકડની પણ માગ કરાઈ

નવી દિલ્હી, તા. 5(પીટીઆઈ): દિલ્હીમાં નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા (એનએસયુઆઈ)ના અનેક કાર્યકરોની સોમવારે રાયસીના રોડ સ્થિત તેમના મુખ્યાલય નજીક પ્રતીકાત્મક 'લિવિંગ ડેડ' (જીવંત મડદાં) પ્રદર્શન દરમિયાન અટકાયત કરવામાં આવી હતી. વિદ્યાર્થી પાંખ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામા અને તેમની ધરપકડની માગણી સાથે આ વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

એનએસયુઆઈના રાષ્ટ્રીય અધ્યક્ષ વિનોદ જાખડની આગેવાની હેઠળ યોજાયેલા આ આંદોલનમાં કાર્યકરો રાયસીના રોડથી જંતર મંતર તરફ જવાના માર્ગ પર 'લિવિંગ ડેડ' બનીને જમીન પર પડ્યા રહ્યા હતા, જેથી દેશમાં મતાધિકાર અને ચૂંટણી પ્રક્રિયા પર તોળાઈ રહેલા જોખમ તરફ લોકોનું ધ્યાન ખેંચી શકાય.

આ પ્રદર્શન દરમિયાન 'વોટ કી ચોરી નહીં ચલેગી, જનતા કી આવાઝ નહીં દબેગી' જેવા સૂત્રોચ્ચાર લખેલા પ્લેકાર્ડ્સ સાથે વિરોધ દર્શાવવામાં આવ્યો હતો. દિલ્હી પોલીસે પ્રદર્શન કરી રહેલા વિનોદ જાખડ સહિત અનેક વિદ્યાર્થી નેતાઓની અટકાયત કરી હતી, જેને 'એનએસયુઆઈ'એ સખત શબ્દોમાં વખોડી કાઢી હતી.

વિનોદ જાખડ અને મીડિયા ઈન-ચાર્જ રવિ હનુમાન પાંડેએ જણાવ્યું હતું કે શાંતિપૂર્ણ રીતે અવાજ ઉઠાવતા વિદ્યાર્થીઓ પર દમન ગુજારવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે, 'જ્યારે દેશના નાગરિકોના મત ચોરાઈ જાય અને તેમના લોકશાહી અધિકારોનું હનન થાય, ત્યારે આવી લોકશાહીનો શો અર્થ રહે? દેશને એ જ શક્તિશાળી સંદેશ આપવા માટે આજે કાર્યકરો જીવંત મડદાં બનીને રોડ પર પડ્યા રહ્યા હતા.' તેમણે ચૂંટણી પંચની જવાબદેહી નક્કી કરી જ્ઞાનેશ કુમારને તાત્કાલિક પદ પરથી હટાવવાની માગ કરી હતી. રાષ્ટ્રીય રાજધાનીમાં ચૂંટણી પ્રક્રિયામાં ગેરરીતિઓના આક્ષેપો સાથે છેલ્લા કેટલાક દિવસોથી વિવિધ સંગઠનો દ્વારા આવા વિરોધ પ્રદર્શનો ચાલુ રહ્યા છે.

# UP રાજ્યસભા ચૂંટણી: ભાજપે હરદીપ પુરી સહિત તમામ જૂના ચહેરા કાપ્યા

**8 નવા** ચહેરા મેદાનાં ઉતાર્યા

**જાતિગત** સમીકરણો સાધવા 3 ઓબીસી, 2 દલિત અને 3 સવર્ણ નેતાઓને સ્થાન

**સપા** તરફથી રામગોપાલ યાદવ અને ધનરાજ નાથવાણી ઉમેદવાર, 10 બેઠકો પર ૧૦ દાવેદારો થતાં બિનહરીફ જીત સુનિશ્ચિત

નવી દિલ્હી-લખનઉ, તા. 5 (પીટીઆઈ): ઉત્તર પ્રદેશમાં આગામી 16 ઓક્ટોબરે યોજાનારી રાજ્યસભાની 10 બેઠકોની ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ (ભાજપ) સોમવારે મંત્રી ધરમપાલ સિંહ સહિત પોતાના 8 ઉમેદવારોના નામોની જાહેરાત કરી છે.

ભાજપે આ વખતે મોટો ફેરફાર કરતા પોતાના તમામ નિવૃત્ત થતા સભ્યોને પડતા મૂક્યા છે, જેમાં કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી અને બી.એલ. વર્મા ઉપરાંત અરૂણ સિંહ, નીરજ શેખર અને બ્રિજલાલ જેવા દિગ્ગજ નેતાઓ સામેલ છે. હરદીપ સિંહ પુરીને ટિકિટ ન મળતાં આગામી દિવસોમાં કેન્દ્રીય કેબિનેટમાં ફેરબદલની અટકળોએ જોર પકડ્યું છે. 2027ની ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપે આ યાદીમાં જાતિગત અને પ્રાદેશિક સમીકરણોનું ખાસ ધ્યાન રાખ્યું છે. ઉમેદવારોમાં 3 ઓબીસી (ધરમપાલ સિંહ, પ્રકાશ પાલ, શ્રુતિ ગંગવાર), 2 દલિત (વિદ્યાસાગર સોનકર, પ્રિયંકા સિંહ રાવત) અને 3 સવર્ણ (રાધાકાંત ઓઝા, ગોપી કૃષ્ણા પાંડે, રામપ્રતાપ સિંહ ચૌહાણ) નેતાઓનો સમાવેશ થાય છે. આ યાદીમાં ઝારખંડના રાજ્યપાલ સંતોષ ગંગવારના પુત્રી શ્રુતિ ગંગવાર અને પ્રિયંકા સિંહ રાવત એમ બે મહિલાઓને સ્થાન આપવામાં આવ્યું છે.બીજી તરફ, સમાજવાદી પાર્ટીએ (સપા) રામગોપાલ યાદવ અને રિલાયન્સ ગ્રુપના પ્રેસિડેન્ટ ધનરાજ પરિમલ નાથવાણીને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. 10 બેઠકો માટે હાલ 10 જ ઉમેદવારો મેદાનમાં હોવાથી તમામ બિનહરીફ ચૂંટાય તેવી પૂરી શક્યતા છે.

## મુંબઈના બેસ્ટના અણિક ડેપોમાં ભીષણ આગ લાગતાં 12 બસ બળીને ખાખ

**સદનસીબે** કોઈ જાનહાનિ થઈ નથી

મુંબઈ, તા. ૫ (પીટીઆઈ): સોમવારે સાંજે મધ્ય મુંબઈમાં બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) ઉપક્રમના અણિક બસ ડેપોમાં ભીષણ આગ લાગવાથી ૧૨ નવી બસ બળીને ખાખ થઈ ગઈ હતી. જોકે કોઈ જાનહાનિ થયાના અહેવાલ નથી. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. બેસ્ટના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, અણિક ડેપો યાર્ડમાં સાંજે ૫:૪૫ વાગ્યે આગ ફાટી નીકળી હતી અને તેમાં લાઈનમાં પાર્ક કરેલી કેટલીક સીએનજી સંચાલિત બસો લપેટમાં આવી હતી.

એક નાગરિક અધિકારીએ જણાવ્યું હતું કે, ઘટનાસ્થળે ઓછામાં ઓછી ૪ ફાયર એન્જિન, ૫ વોટર ટેન્કરો અને અન્ય ફાયરફાઈટિંગ વાહનો મોકલવામાં આવ્યા હતા અને એક કલાક કરતાં વધુ સમય બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો.

અધિકારીએ જણાવ્યું હતું કે, આગ લાગ્યાના અઢી કલાક બાદ આશરે ૮:૨૦ વાગ્યે ઓલવાઈ હતી. તેમાં ઉપક્રમના કાફલા માટે ખરીદેલી ૧૨ એર-કન્ડિશન્ડ 'મિડી બસો' (સિંગલ-ડેકર મિની બસો) નાશ પામી હતી.